


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-51 ■ તા. 24-12--2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# રાહુલ ગાંધી માર્ચમાં ગુજરાત ધમરોળશે



અમદાવાદ,તા.૨૩

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે એ ૨૧ ડિસેમ્બરે યોજાયેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં રાહુલ ગાંધીને ભારત જોડો યાત્રા ૨.૦ કરવાની માંગણી કરી હતી. રાહુલ ગાંધી આ યાત્રા માટે સંમત થયા છે, પરંતુ આ જ બેઠકમાં ઘણા નેતાઓએ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને માત્ર પદયાત્રાને બદલે નવા ફોર્મેટમાં યાત્રાના બીજા તબક્કાની હિમાયત કરી છે.

ભારત જોડો યાત્રા ૧.૦થી ઉત્સાહિત કોંગ્રેસીઓ લોકસભાની ચૂંટણી પહેલા રાહુલ ગાંધી પાસે વારંવાર ભારત જોડો યાત્રા ૨.૦ની માંગણી કરી રહ્યા છે. પરંતુ પ્રવાસના પહેલા ચરણમાં જ રાહુલના ઘૂંટણમાં જૂની ઈજાને કારણે પાર્ટ-૨ શરૂ થઈ શકી નહોતી. ઘૂંટણ માં પીડા વચ્ચે, રાહુલે દક્ષિણ (કન્યાકુમારી) થી ઉત્તર (કાશ્મીર) સુધી પગપાળા ૩૫૦૦ કિલોમીટરની યાત્રા પૂર્ણ કરી.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પાર્ટીમાં જોરદાર માંગ બાદ ૨૧ ડિસેમ્બરે યોજાયેલી કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં રાહુલ ગાંધીની સામે ભારત જોડો યાત્રા ૨.૦ ની માંગને આગળ વધાવી હતી. રાહુલ ગાંધી આ યાત્રા માટે સંમત થયા છે, પરંતુ આ જ બેઠકમાં તમામ નેતાઓએ લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને માત્ર પદયાત્રાને બદલે નવા ફોર્મેટમાં યાત્રાના બીજા તબક્કાની હિમાયત કરી હતી. આ વખતે ભારત જોડો યાત્રા દક્ષિણથી ઉત્તર પછી પૂર્વ (અરુણાચલ પ્રદેશ)થી પશ્ચિમ (ગુજરાત) સુધી યોજવાનું કહેવામાં આવ્યું છે.

લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને પૂર્વોત્તર ના ઓડિશા, બિહાર, બંગાળ, ઝારખંડ અને પશ્ચિમ ના યુપી, ગુજરાત જેવા રાજયો પર વિશેષ ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું છે. રેલી કે મહત્વના કાર્યક્રમો પહેલા પદયાત્રા હોવી જોઈએ. તે સિવાય બસ, સાયકલ, બાઈક તેમજ ટ્રેક્ટર અને ટ્રકનો ઉપયોગ કરવો જોઈએ. તેનાથી ઓછા સમયમાં વધુ કાર્યક્રમો યોજી શકાશે અને ચૂંટણીના કારણે યાત્રા ઝડપથી પૂર્ણ કરી શકાશે. જાન્યુઆરીના બીજા કે ત્રીજા સપ્તાહથી ભારત જોડો યાત્રા શરૂ કરીને માર્ચના બીજા કે ત્રીજા સપ્તાહ સુધીમાં તેને ૬૦ દિવસમાં પૂર્ણ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. ઈન્ડિયા ગઠબંધનની એકતા બતાવવા માટે તેમાં વિવિધ પક્ષોના નેતાઓને સામેલ કરવાની વાત ચાલી રહી છે.

હાલમાં પૂર્વમાં અરુણાચલના પરશુરામ કુંડથી લઈને પશ્ચિમમાં ગુજરાતના પોરબંદર કે સાબરમતી સુધીની દરખાસ્ત કરવામાં આવી છે. વાસ્તવમાં રાહુલ ગાંધી પોતાને શિવ ભક્ત અને મહાત્મા ગાંધીના અનુયાયી માને છે. આવા સંજોગોમાં આ યાત્રા રૂદ્રાક્ષના વૃક્ષોની વચ્ચે આવેલા પરશુરામ કુંડથી શરૂ કરીને મહાત્મા ગાંધીની સાબરમતી ખાતે સમાપ્ત કરવાની હિમાયત કરવામાં આવી રહી છે. આ તમામ સૂચનો બેઠકમાં આપવામાં આવ્યા છે પરંતુ આ યાત્રાનો રૂટ અને ફોર્મેટ શું હશે તે હજુ નક્કી થયું નથી.

## અમદાવાદમાં ખાદ્ય ચીજ- વસ્તુની ગુણવત્તા ભગવાન ભરોશે; જીવજંતુ મળ્યાની અનેક ફરિયાદ છતા કામગીરી નહીં : ગ્રાહક સુરક્ષા




દિન- પ્રતિદિન ખાદ્ય ખોરાક ગુણવત્તા બાબતે ફરિયાદોની સંખ્યા વધતી જઈ રહી છે. ખોરાકી ચીજ- વસ્તુઓમાં કીડી, મકોડાસ જીવજત્તુ જોવા મળ્યાની ફરિયાદ રોજે- રોજ સામે આવતી હોવા છતા પણ ફુટ સેફટી વિભાગના અધિકારીઓના પેટનું પાણી પણ હલતુ નથી. જવાબદારીમાંથી છટકવા તથા પોતાની નિષ્કાળજી તેમજ ફરજ પ્રત્યની બેદરકારીને છુપાવવા માટે સ્ટફ નહી હોવાની, સ્ટાફ ઓછો હોવાની, સ્ટાફ અન્ય વિભાગની જવાબદારીમાં રોકાયેલ હોવાના બહાના સરકારી અધિકારીઓ આગળ ધરી રહ્યા છે. નિયમિત ચેકિંગની કામગીરી હાથ ધરી શકાતી નહીં હોવાને કારણે આવું બનતું હોવાનુ અધિકારી જાહેર કરે છે.ગ્રાહક સુરક્ષા, ગ્રાહક સત્યાગ્રહ, ગ્રાહક ક્રાંતિના પ્રમુખ સુચિત્રા પાલ દ્વારા આજરોજ તારીખ ૨૩ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસની ઉજવણીના પ્રસંગે ગ્રાહકોના પ્રતિનિધિ તરીકે, ગ્રાહકોના હિતમાં કામકરતી ગતિશીલ સરકારને રાષ્ટ્રીય ગ્રાહક દિવસની હાર્દિક શુભેચ્છા પાઠવવાની સાથો- સાથ ગુજરાત રાજ્યના ગ્રાહકોને વેઠવી પડતી તકલીફોના નિવારણ માટે સરકાર સમક્ષ નીચેની માંગણીઓ કરવામાં આવી છે.આરોગ્ય વિભાગ હસ્તકની તમામ હોસ્પિટલોમાં જરૂરી પૂરતો અનુભવી સ્ટાફ પૂરોપાડી ખાલી જગ્યાઓ ભરી ગ્રાહકોને વધુ સારી આરોગ્ય સેવાઓ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા અમારી માંગણી છે.શહેરી વિસ્તારમાં વોર્ડ વાઇઝ ફૂડ સેફ્ટીંગ (હ્ર.જી.) અધિકારીઓની નિમણૂક કરવામાં આવે. પ્રાપ્ત થતી માહિતી મુજબ હાલ અમદાવાદ શહેરમાં ૪૮ વોર્ડ હોવા છતાં ફક્ત ૧૬ ફૂટ સેફ્ટી ઓફિસરની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે. અધિકારીઓને ઘટના કારણે જરૂરી નિયમિત ચકાસણી હોટેલરેસ્ટોરેન્ટમાં થઈ શકતી નથી. મોટા બ્રાન્ડનેમ ધરાવતી કંપનીઓના રિટેલ આઉટલેટમાંથી વેચાણ કરવામાં આવતી ખાધ ચીજ વસ્તુઓની ગુણવત્તા ભેળસેળ તથા સ્વચ્છતા બાબતે રોજ રોજ ફરિયાદ ન્યુઝ પેપરના પાના ઉપર જોવા મળે છે. અપૂરતો સ્ટાફ હોવાને કારણે રૂટિન ચેકિંગના બદલે ફક્ત ફરિયાદ મળે તેવા સંજોગોમાં જ તપાસ કરવામાં આવે છે. ગ્રાહકહિતમાં નિર્ણયો કરતી સરકારની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચે છે. માટેથી સરકારના યોગ્ય ઠરાવના અમલ માટે પૂરતો સ્ટાફ મૂકવો જરૂરી અને ફરજિયાત છે.

ફૂડ એન્ડ ડ્રાગ્સની કચેરી તથા તેના અધિકારીઓના ફોન નંબર સરનામા સાથે જાહેર કરવા જોઈએ. ડ્રગ્સ કંપનીની ફરિયાદો માટે સામાન્ય જનતાને કોઈ જાણકારીના હોવાથી ગ્રાહકો ના છૂટકે લાચરબની ગમે તેવી દવાઓ કોઈપણ જાતની ખરાઇ કર્યા વગર વાપરવા મજબૂર બને છે. અમુક કંપનીઓ આલ્કોહોલ જેવી માનવ શરીરને નુકશાન કર્તા કેમિકલ યુક્ત સમગ્રી દવા, સીરપના ઉત્પાદનમાં મંજૂર થયેલ પ્રમાણમાં ફેરફાર કરી માનવજીવન સામે જોખમ ઊભુ કરતી દવાઓ બજારમાં બે રોકટોક વેચાણ કરે છે.

## ગાંધીનગરના ઉવારસદ ફાટક નજીક કારની ટક્કરથી ગંભીર ઈજાગ્રસ્ત બાઈક સવારનું સારવાર દરમિયાન મોત




ગાંધીનગરના ઉવારસદ ફાટક નજીક કારના ચાલકે પોતાની કાર પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારીને બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માત આ ગંભીર ઈજાગ્રસ્ત બાઈક સવારનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમ્યાન મોત નિપજતા અડાલજ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ગાંધીનગરના ઉવારસદ ગામમાં રહેતો નિકેત જશવંતભાઈ સોલંકીનો ૩૩ વર્ષીય મોટો ભાઈ પરાગ અડાલજ ખાતે એડવોકેટની ઓફિસમાં ટાયપીસ્ટ તરીકે નોકરી કરતો હતો. ગત તા. ૧૭ મી ડિસેમ્બરના રોજ પરાગ ઘરેથી બાઈક લઈને નોકરીએ જવા માટે નીકળ્યો હતો. ત્યારે થોડીવાર એડવોકેટ જસમીન પટેલે ફોન કરીને નિકેતને જાણ કરેલ કે, પરાગનું ઉવારસદ ફાટક નજીક એક્સિડેન્ટ થયું છે.આથી નિકેત તાત્કાલીક જગ્યા ઉપર પહોચી ગયેલો અને જોયેલ તો પરાગ રોડ ઉપર ઈજાગ્રસ્ત હાલતમાં પડ્યો હતો. ત્યાં હાજર લોકોએ જણાવ્યું હતું કે કારનાં ચાલકે બાઇકને ટક્કર મારી હતી. જ્યાં કાર ચાલક વત્સલ ધવલભાઈ પટેલ (રહે. ઉવારસદ) પણ હાજર હતો. આ દરમ્યાન ૧૦૮ એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી.બાદમાં ઈજાગ્રસ્ત પરાગને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે પરાગની પ્રાથમિક સારવાર કરી વધુ ઘનિષ્ઠ સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ટ્રાન્સ્ફર કર્યો હતો. જેનું ગઈકાલે રાતે સારવાર દરમ્યાન બેભાન અવસ્થામાં મોત નિપજતા અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સુરક્ષાદળોના ફાયરિંગમાં એક ઘૂસણખોર ઢેર, લાશને લઈ જતાં દેખાયા આતંકી

શ્રીનગર,તા.૨૩

જમ્મુ-કાશ્મીરના પુંછમાં આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ અખનૂરમાં આતંકીઓની ઘૂસણખોરીના મોટા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે. વાત જાણે એમ છે કે, આપણી સેનાએ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા આતંકીઓ પર ગોળીબાર કર્યો છે. જે બાદમાં ૪ આતંકીઓની શંકાસ્પદ ગતિવિધિ જોવા મળી છે. સેનાના જણાવ્યા અનુસાર આતંકવાદીઓ મૃતદેહને પાછળ ખેંચતા જોવા મળ્યા છે.

સેનાના સૂત્રોના જણાવ્યા અનુસાર જમ્મુના અખનૂરમાં સર્વેલન્સ ડિવાઈસ દ્વારા ૪ આતંકવાદીઓની શંકાસ્પદ ગતિવિધિઓ જોવામાં આવી હતી, જેના પછી સેનાએ જવાબી કાર્યવાહી કરી હતી. આ ઘટના શુક્રવારે મોડી રાત્રે બની હોવાનું કહેવાય છે. સેનાએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓ એક લાશને આંતરરાષ્ટ્રીય સરહદ પાર ખેંચતા જોવા મળ્યા હતા.

ભારતીય સેનાની ૧૬મી કોર્પ્સ, જેને વ્હાઇટ નાઈટ કોર્પ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે તેમણે આ ઘટના વિશે માહિતી આપી. ભારતીય સેનાની ૧૬મી કોર્પ્સે ટ્વિટર પર પોસ્ટ કરીને કહ્યું કે, અખનૂરમાં ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ કરવામાં આવ્યો છે. શુક્રવારે મોડી રાત્રે અમારા સર્વેલન્સ ડિવાઇસ દ્વારા ૪ શંકાસ્પદ આતંકવાદીઓને જોવામાં આવ્યા હતા. આ પછી અમારી બાજુથી ગોળીબાર થયો હતો. આતંકવાદીઓ એક મૃતદેહને આંતરરાષ્ત્રિય સરહદ પાર ખેંચતા જોવા મળ્યા હતા.

સેનાના જવાનોએ ચાર ઘૂસણખોરોને આંતરરાષ્ટ્રીય સરહદથી વાયર તરફ આવતા જોયા ત્યારબાદ તેઓએ તેમના પર ગોળીબાર કર્યો. આ ગોળીબારમાં એક ઘૂસણખોર પણ માર્યો ગયો હતો, જેની લાશને આતંકીઓ ખેંચી જતા જોવા મળ્યા હતા. આ ઘૂસણખોરોને પાકિસ્તાન તરફથી સંપૂર્ણ સમર્થન મળી રહ્યું હતું. તે સમયે આ ઘૂસણખોરો આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. પાકિસ્તાની સેનાએ ભારતીય સૈનિકોનું ધ્યાન હટાવવા માટે તેની એક પોસ્ટને આગ લગાવી દીધી હતી. જોકે પાકિસ્તાનની આ ષડયંત્ર સફળ ન થઈ અને સૈનિકોએ તરત જ ઘૂસણખોરો પર ગોળીબાર શરૂ કરી દીધો, જેમાં એક ઘૂસણખોર માર્યો ગયો.

અધિકારીઓએ પણ ઘૂસણખોરીની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય સરહદની રક્ષા કરતા સૈનિકોએ શનિવારે (૨૩ ડિસેમ્બર) વહેલી સવારે ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે.

## કર્ણાટકમાં હિજાબ પરનો પ્રતિબંધ હટ્યો,દરેકને તેમની પસંદગીના કપડાં પહેરવાનો અધિકાર,સિદ્ધારમૈયા

બેંગ્લુર,તા.૨૩

કર્ણાટકની કોંગ્રેસ સરકારે રાજ્યમાં હિજાબ પરનો પ્રતિબંધ હટાવવાનો નિર્ણય લીધો છે. રાજ્યના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે કહ્યું કે અમે હિજાબ પ્રતિબંધનો નિર્ણય પાછો ખેંચીશું. રાજ્યમાં હવે હિજાબ પર કોઈ પ્રતિબંધ નથી. મહિલાઓ હિજાબ પહેરીને બહાર જઈ શકે છે. આ સંદર્ભે અધિકારીઓને આદેશ પાછો ખેંચવા સૂચના આપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે દરેક વ્યક્તિને પોતાની પસંદગીના કપડાં પહેરવાનો અધિકાર છે.



આપણી મરજી મુજબ ખાવાનું અને કપડાં પહેરવા એ આપણો અધિકાર છે. મને આમાં કોઈ વાંધો કેમ હોવો જોઈએ? ગમે તે ગમે તે ખાઈ શકે, ગમે તે પહેરી શકે, હું શા માટે પડીશ? આપણે મત મેળવવા માટે આ પ્રકારની રાજનીતિ ન કરવી જોઈએ. અગાઉ ઓક્ટોબરમાં સિદ્ધારમૈયા સરકારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓને હિજાબ પહેરવાની છૂટ આપી હતી.

હકીકતમાં, અગાઉની ભાજપની આગેવાની હેઠળની કર્ણાટક સરકારે (૨૦૨૨ માં) વિદ્યાર્થીઓને શાળાઓ અને કોલેજોમાં હિજાબ પહેરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. હિજાબ પર પ્રતિબંધ બાદ રાજ્યમાં ભારે હોબાળો થયો હતો અને રાજકીય પક્ષોએ પણ તેનો વિરોધ કર્યો હતો. વિદ્યાર્થીઓએ સરકાર દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધને હાઈકોર્ટમાં પણ પડકાર્યો હતો, પરંતુ ત્યાંથી કોઈ રાહત મળી ન હતી. આ પછી રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી થઈ અને કોંગ્રેસની વાપસી થઈ અને હવે સિદ્ધારમૈયા સરકારે હિજાબ પરનો પ્રતિબંધ હટાવવાની જાહેરાત કરી છે.કર્ણાટકમાં હિજાબનો વિવાદ રાજ્યના ઉડુપીની એક સરકારી કોલેજથી શરૂ થયો હતો. જ્યાં મુસ્લિમ યુવતીઓને હિજાબ પહેરીને કોલેજમાં આવતા અટકાવવામાં આવી હતી. શાળા પ્રશાસને હિજાબને કોલેજના યુનિફોર્મ કોડની વિરુદ્ધ હોવાનું જાહેર કર્યું હતું. આ પછી આ વિવાદ અન્ય કોલેજોમાં પહોંચ્યો અને મુસ્લિમ વિદ્યાર્થીનીઓ વિરોધ પર ઉતરી આવી. આ પછી સરકારે હિજાબ પર પ્રતિબંધ મૂક્યો હતો.મુસ્લિમ વિદ્યાર્થીઓએ હિજાબ પરના પ્રતિબંધને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

## કાશ્મીરમાં જામવાં લાગ્યા નદી-નાળા: પંજાબ હરિયાણામાં ગાઢ ધુમ્મસ

નવીદિલ્હી,તા.૨૩


હાલ શિયાળાની મોસમ વચ્ચે એક તરફ પહાડોમાં હિમવર્ષા થઈ રહી છે તો બીજી તરફ મેદાની વિસ્તારોમાં કડકડતી ઠંડી પડી રહી છે. સમગ્ર ઉત્તર ભારતમાં ચાલી રહેલી તીવ્ર ઠંડી વચ્ચે ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન ઉત્તર અને ઉત્તર-પૂર્વના કેટલાક રાજ્યોમાં ધુમ્મસની ચેતવણી જાહેર કરી છે.આ સિવાય પહાડો પર હિમવર્ષા થઈ રહી છે. ઉત્તરાખંડના ઔલીથી લઈને જમ્મુ-કાશ્મીર અને હિમાચલ સુધીના અનેક શહેરોમાં બરફની ચાદર છવાયેલી છે. કાશ્મીરમાં ચિલ્લાઇ કલાન ચાલી રહ્યું છે અને તેના કારણે સખત શિયાળો છે. નદીઓ અને નાળાઓ પણ થીજી ગયા છે.

તંત્રી લેખ......

# હંગામાજીવી વિપક્ષ

એ યોગ્ય નથી કે સંસદની સુરક્ષામાં ગાબડાંને લઈને વિપક્ષનો હંગામો ચાલુ જ છે. આ હંગામાને કારણે લોકસભા અને રાજ્યસભાથી ૧૪૦થી વધુ વિપક્ષી સાંસદોને બરતરફ કરી દેવાયા છે. આ એક રેકોર્ડ સંખ્યા છે. આટલી મોટી સંખ્યામાં સાંસદોની બરતરફીથી જાણે-અજાણે એ જ સંદેશ ગયો કે સત્તાપક્ષ વિપક્ષની વાત સાંભળવા-સમજવા તૈયાર નથી, પરંતુ એ તથ્યની પણ અવગણના ન કરી શકાય કે સંસદની સુરક્ષામાં ગાબડાંને લઈને ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી રહેલા વિપક્ષી દળોના સાંસદ જાણીજોઈને એવી પરિસ્થિતિઓ પેદા કરી રહ્યા છે, જેનાથી તેમની બરતરફી થઈ જાય. આખરે જ્યારે એના પર સહમતિ બની ચૂકી હતી કે કોઈપણ સંસદ સભ્ય અધ્યક્ષના આસન સમક્ષ નહીં જાય અને નારા લખેલી તક્તીઓ નહીં લહેરાવે, તો પછી એવું જ કરવાનો શો અર્થ છે? એવું જાણીજોઈને કરવામાં આવ્યું તેથી એના સિવાય બીજો કોઈ ઉપાય નથી કે વિપક્ષી સાંસદોએ એક રીતે પોતાની બરતરફીનો આધાર જાણીજોઈને ઊભો કર્યો. એ સાચું કે વિપક્ષી દળોની નજર આગામી લોકસભા ચૂંટણીઓ પર છે અને તેઓ યેનકેન પ્રકારે દેશની જનતાનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માગે છે, પરંતુ તેનો અર્થ એ નહીં કે તેઓ સંસદમાં હંગામો કરતા રહે.જ્યાં વિપક્ષ પોતાની એ માંગ પર અડગ છે કે સંસદની સુરક્ષામાં ગાબડા મામલે ગૃહમંત્રીએ નિવેદન આપવું જોઇએ, ત્યાં જ સત્તાપક્ષ એ રેખાંકિત કરી રહ્યો છે કે સંસદની અંદર સુરક્ષાની જવાબદારી લોકસભા અધ્યક્ષની છે અને એવામાં ગૃહમંત્રીના વક્તવ્યની માંગ યોગ્ય નથી. બહેતર તો એ હોત કે આ મામલે પક્ષ-વિપક્ષ પરસ્પર વાત કરીને કોઈ વચ્ચેનો રસ્તો કાઢવાની કોશિશ કરતા. સંસદમાં ચાલતો હંગામો એ દર્શાવે છે કે એવી કોઈ કોશિશ નથી કરવામાં આવી. એક ખરાબ વાત એ પણ થઈ કે તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનર્જીએ સંસદ પરિસરમાં રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડની નકલ ઉતારી. તેમના આ કૃત્ય પર રાહુલ ગાંધી સહિત વિપક્ષી સાંસદોનો એક સમૂહ જે રીતે ખડખડાટ હસતાં આનંદ લેતો હતો, તેણે સંસદની ગરિમા ઘટાડવાનું જ કામ કર્યું.

## પત્રાવળી-૨૫




ભદ્રાબહેન વડગામા
રવિવારની સવાર
‘ગુજરાતી લીટરરી એકેડેમી ઑફ યુકે.’ના ઉપપ્રમુખ શ્રીમતિ ભદ્રાબેન વડગામા, લંડનથી પત્ર લખે છે:
મિત્રો,
શબ્દહીન સૃષ્ટિની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. શબ્દ વિના વાતચીત કેમ થઈ શકે? શીખ કેમ આપી શકાય? શબ્દ વિના ગદ્ય ન હોત કે ન હોત પદ્ય; ન હોત ફિલ્મ કે ન હોત વિડીયો; ન હોત ટેલિવિઝન કે ન હોત ઈન્ટરનેટ. શબ્દ ન હોત તો આજે હું આ લખતી ન હોત, કે ન તમે એને વાંચતાં હોત. શબ્દહીન દુનિયા હોત તો આપણે કંઈ કેટલુંયે ગુમાવ્યું હોત.

શબ્દથી કેટલું બધું વ્યક્ત કરી શકાય છે! હાવભાવથી મનુષ્ય પોતાની બાહ્ય લાગણીઓ કદાચ દેખાડી શકે પણ તેની આંતરિક પરિસ્થિતિનો ચિતાર તો તે શબ્દો દ્વારા જ આપી શકે ને?. જેટલો શબ્દો પર તેનો કાબૂ, એટલી એની ભાષામાં વિવિધતા.

મિત્રો, યાદ કરો કે, જ્યારે ભાષાની ઉત્પતિ નહોતી થઈ ત્યારે પણ દુનિયાભરના આદિવાસીઓએ ગુફાઓ અને પત્થરો પર ચિત્રો દોરી સૈકાઓ બાદ પણ આપણને પોતાનાં જીવનની ઝાંખી કરાવી છે. શબ્દો માનવલોક માટે એક અદ્ભૂત રચના છે, જે જ્ઞાન મેળવવાની પ્રકિયા માટે અનિવાર્ય છે. તે આપણને સંગઠિત કરવામાં, પ્રેરણા આપવામાં બહુ અગત્યનો ભાગ ભજવે છે.

પણ ક્યારેક શબ્દને આપણે સીમિત કરી દઈએ છીએ એવું નથી લાગતું શું? દાખલા તરીકે, ઘર. અહીં એ શબ્દ માટે આપણે કેવી રીતે અમુક સીમા બાંધી લઈએ છીએ.એ સ્વ. નિરંજન ભગતના કાવ્યથી સ્પષ્ટ સમજાશે.

ઘર તમે કોને કહો છો?
જ્યાં ટપાલી પત્ર લાવે,
શોધતાં વણશોધતાં મિત્રો અને મહેમાન આવી ચડે,
ક્યારેક તો આવી પડે,
જેનું બધાને ઠામઠેકાણું તમે આપી શકો
તેને તમે શું ઘર કહો છો?
તો પછી જ્યાં જ્યાં તમે પગથી ઉતારીને પગરખાં,
ભાર-ટોપીનોય-માથેથી ઊતારીને,
અને આ હાથ બે પ્હોળા કરીને ‘હાશ’ ક્હો;
જ્યાં સર્વનાં મુખ જોઈ તમને સ્હેજમાં મલકી ઊઠો
ત્યાં ત્યાં બધે ક્હો તમારું ઘર નથી?
તે ઘર તમે કોને કહો છો?

એજ રીતે મને ‘ભદ્રા’ તરીકે કેટલાંય લોકો ઓળખે છે. દરેકેદરેક વ્યક્તિ, મારા નામના એ શબ્દના અર્થરૂપે, તેમને મારા વિશે મળેલી માહિતી, કે મારા સંપર્કમાં આવ્યા પછીના અનુભવ પર આધારિત, મારા વ્યક્તિત્વ વિશે અનુમાન બાંધે છે, પણ એ છતાંય એ બે અક્ષરમાંની ‘હું’ને તો કોઈ પણ સંપૂર્ણ રીતે ઓળખી નહીં જ શકે.

શોધ કરીએ તો એક જ શબ્દનાં કેટલાં બધાં રૂપ આપણને દેખાશે: એ માટે હું ‘પાણી’ શબ્દનો ઉલ્લેખ કરવા માગું છું. એ શબ્દનો સામાન્ય અર્થ આપણે આમ તારવીએ છીએ – જળ, શૌર્ય, તેજ, કે ટેક. પણ એ જ શબ્દ સાથે બીજો એક શબ્દ જોડવાથી એના અનેક અર્થ થઈ શકે છે. ઉદાહરણ એટલાં બધાં છે કે તમે જાતે જ ગુજરાતી લેક્સિકોનમાં ‘પાણી’ શબ્દના અર્થ સાથે આપેલી શબ્દસૂચિ જોશો તો જ તમને એ શબ્દની વિશાળતાનો ખ્યાલ આવશે.

શબ્દોની સચોટ અસર ઉપજાવવા માટે ભાષામાં ઘણા પ્રયોગો થાય છે. અહીં હું દેવિકાબહેન ધ્રુવની રચેલી એક કૃતિ સાંભળવાનું સૂચવીશ.

રૅજ://દ્વ.ર્એહ્રી.ર્ષ્દ્વ/ટ્ટંર્ષ્ઠર?દૃ=ુઅઉ૬-હઉઁરૈઈઈ

મેવાડની મીરાંને માધવની મમતા,
માધવને મૈયાના માખણની મમતા,
મથુરાને મોહક મોરલીની માયા,
માવડીને મોંઘેરા માસુમની મમતા.

આ પ્રકારના શબ્દપ્રયોગને અનુપ્રાસ કહેવાય છે. અહીં એક જ અક્ષરથી શરૂ થતા શબ્દોની આવી રચના દ્વારા દેવિકાબહેને તેમના મુક્તકને કર્ણપ્રિય અને વધુ અસરકારક બનાવ્યો છે.

એ જ રીતે જેને અંગ્રેજીમાં ર્હ્દ્વટ્ટીટ્ટ કહેવાય છે એ શબ્દો એવા હોય છે કે તેમના ઉચ્ચારથી જ તેમનો અર્થ ફલિત થતો હોય છે: દાખલા તરીકે વીજળીનો ગડગડાટ, માખીઓનો બણબણાટ, હાસ્યનો ખિલખિલાટ, મરચાનો તમતમાટ, વગેરે.
મહાભારત ગ્રંથનો અંગ્રેજીમાં અનુવાદ કરનાર એક અંગ્રેજ વ્યક્તિએ કહેલું મને યાદ આવે છે. મહાભારતના યુદ્ધનું વર્ણન સંસ્કૃતમાં એવા શબ્દોથી કરેલું છે કે તેમાં હાથીઓની ગર્જના, ઘોડાનો હણહણાટ, શસ્ત્રોનો ખણખણાટ, સૈનિકોનો કલબલાટ, શંખનાદનો ધ્વનિ વગેરે એટલા બધા ર્હ્દ્વટ્ટીષ્ઠ શબ્દોથી એ સર્જેલું છે કે એ શબ્દોની રચનાથી અંકિત થતું ચિત્ર અંગ્રેજી અનુવાદમાં થઈ શકે તેમ નથી. હા, અંગ્રેજી ભાષામાંથી ચોક્કસ શબ્દો પસંદ કરી એમ કરી શકાય ખરું પણ એ પછી એ અનુવાદ નહીં પણ રૂપાંતર બની જાય.

બોલવાની લયથી પણ એક જ શબ્દનો અર્થ જુદીજુદી રીતે તારવી શકાય છે. ઉદાહરણ તરીકે

## દરેક પોલીસ મથકમાં એક જ મોબાઈલ નંબર કાયમી રહેશે

ગાંધીનગર,તા.૨૩

હવે રાજ્યના પોલીસ સ્ટેશનમાં અધિકારીઓની બદલીઓ થતી રહેશે પરંતુ મોબાઈલ નંબર નહીં બદલાય. પોલીસ સ્ટેશનના અધિકારીઓના મોબાઈલ નંબર કાયમ માટે એક જ રહેશે અને જેના થકી હવે પોલીસ સ્ટેશનના પીઆઇ,પીએસઆઇ અને પીએસઓનો કાયમી એક જ નંબર વડે સંપર્ક કરી શકશે. જેની શરુઆત કરાવતા લો એન્ડ ઓર્ડરના ડીજી શમશેર સિંહે હિંમતનગરમાં આ અંગેની જાણકારી આપી હતી.

રાજ્યના તમામ પોલીસ મથકોના કે એલસીબી એસઓજી જેવી મહત્વની શાખાઓના મુખ્ય અધિકારીઓ અને સ્ટેશન ઓફિસરોના સંપર્ક માટે સમસ્યા નહીં રહે. પોલીસ સ્ટેશનના પીઆઈ કે પીએસઆઈ ના મોબાઈલ નંબર હવે વારે વારે શોધવા નહીં પડે. હવે રાજ્યના તમામ પોલીસ મથકોના અધિકારીઓને કાયમી મોબાઈલ નંબર આપવાનું શરુ કરવામાં આવ્યું છે. જે સ્માર્ટ ફોનમાં વ્હોટસેપ એપની સુવિધા હશે. જેની પર લોકો પોતાની રજૂઆતો વીડિયો અને ફોટા સાથે મોકલી શકશે.લો એન્ડ ઓર્ડરના ડીજી શમશેર સિંઘ હિંમતનગરની મુલાકાતે ગુરુવારે પહોંચ્યા હતા. આ દરમિયાન તેઓ સાબરકાંઠા જિલ્લાના તમામ પોલીસ મથકના પીઆઈ, પીએસઆઈ અને પીએસઓના સરકારી કાયમી મોબાઈલ નંબર શેર કર્યા હતા. આમ હવે પ્રથા સમગ્ર ગુજરાતમાં લાગુ કરી હોવાનું ડીજી શમશેર સિંઘે મીડિયાને જણાવ્યું હતું. તેઓએ કહ્યુ કે, હવે આમ કરવાથી લોકોની મોટી અગવડતા દૂર થશે અને અધિકારીઓ બદલાતા રહેવાની સ્થિતિમાં મોબાઈલ નંબર એ જ રહેશે. હિંમતનગરના એ ડિવિઝન પોલીસ સ્ટેશનની તેમના દ્વારા સ્વચ્છતાને લઈ મુલાકાત લેવામાં આવી હતી. જે દરમિયાન સાબરકાંઠા એસપી વિજય પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

### કુમાર કાનાણી ફરી આકરા પાણીએ!

# ભેળસેળ કરતા અને નકલી વસ્તુ બનાવતા લોકો સામે કાર્યવાહીની માંગણી કરી



અખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરતા તત્વો સામે કડક કાર્યવાહી અને કાયદો બનાવવાની માંગ સાથે વરાછા વિધાનસભાના ધારાસભ્ય કુમાર કાણાની દ્વારા ફરી એક વખત રાજ્યના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલને પત્ર લખી રજુવાત કરી છે. કુમાર કાણાનીએ તંત્રના આરોગ્ય અને ફૂડ વિભાગ સહિત પાલિકાના આરોગ્ય વિભાગની ગંભીર બેદરકારીના આક્ષેપ સાથે આગામી વિધાનસભા સત્રમાં આવા ભેળસેળીયાઓ સામે કડક કાયદો બનાવવાની માંગ કરી છે. એટલું જ નહીં પરંતુ આવી ઘટનાઓમાં લોકોમાં કાયદાનો ડર રહે તે માટે માનવવધનો ગુનો નોંધવામાં આવે તેવી પણ રજુવાત કરી છે.

સુરત વરાછા વિધાનસભાના ભાજપના ધારાસભ્ય કુમાર કાણાનીનો ફરી એક લેટર બૉમ્બ સામે આવ્યો છે. અવારનવાર પ્રજાના પ્રાણ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે સરકાર તેમજ તંત્રને પત્ર લખી જગાડવાનો પ્રયાસ કરતા કુમાર કાણાની એ પાલિકા તંત્રની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા છે. કુમાર કાણાનીએ રાજ્યના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલને ઉદ્દેશીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે ખાદ્ય પદાર્થો અને ખોરાકમાં ભેળસેળ મુદ્દે કડક કાયદાની જોગવાઈ બાબતે હજી સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. ભેળસેળ કરનારા લોકોને કાયદાનો કોઈપણ પ્રકારનો ડર રહ્યો નથી. કારણ કે કાયદો પાંગળો થઈ ગયો છે, જેના કારણે ભેળસેળ કરનારા લોકો બેફામ બન્યા છે.

તેમણે પત્રમાં વધુ કહ્યું કે, ભેળસેળ કરવાની સાથે સાથે હવે તો ખાદ્ય-સામગ્રી પણ નકલી બનાવવી લોકોના આરોગ્ય અને જીવ સાથે રમત રમવામાં આવી રહી છે.. વુડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને પાલિકાના આરોગ્ય વિભાગની નિષ્ક્રિય કામગીરી અને બેદરકારીના કારણે લોકોના જીવ સામે જોખમ ઊભું થયું છે. જે ખૂબ જ ગંભીર બાબત બનીને સામે આવી છે. એટલું જ નહીં પરંતુ નકલી ખાદ્ય સામગ્રી બનાવનારા હવે ફાટીને ધુમાડે ગયા છે. લોકોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે ખેત ઉત્પાદનમાં વપરાતી દવાઓનો ઉપયોગ ન કરવા માટે અને પ્રાકૃતિક ખેતી માટેના પ્રયાસ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. જેના કારણે માનવ જિંદગી રોગમુક્ત રહે અને સ્વસ્થ જીવન જીવી શકે. પરંતુ ખાદ્ય સામગ્રીઓમાં ભેળસેળ કરી અને નકલી બનાવટો બનાવી લોકોના જીવ સાથે રમત રમવામાં આવી રહી છે. આવા લોકો સામે માનવ વધનો ગુનો નોંધવા વિધાનસભા સત્રની અંદર કડક કાયદો બનાવવામાં આવે તેવી રજૂઆત છે.

વધુમાં ભાજપના ધારાસભ્ય કુમાર કાનાણીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે જે કામ પાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગનું છે, તે કામ પોલીસે કરવું પડે છે. જે ખૂબ જ શરમજનક બાબત છે. ખાદ્ય સામગ્રીઓમાં ભેળસેળ અને નકલી બનાવટો પર નિયંત્રણ અને કાર્યવાહી કરવી તે પાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગના કાર્યક્ષેત્રમાં આવે છે. પરંતુ આરોગ્ય અને ફૂડ વિભાગ ની ગંભીર બેદરકારી છતી થવા પામી છે.જ્યાં શહેરમાં ભેળસેળ યુક્ત ખાદ્ય સામગ્રી અને ખોરાકનું વેચાણ થઈ રહ્યું છે. ભેળસેળીયાઓ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરે તે માનવવધનો ગુનો છે. આવા લોકોમાં કાયદાનો ડર રહે તે માટે કડક કાર્યવાહી કરવા વિધાનસભા સત્રમાં કડક કાયદાની તાતી જરૂર છે.

## કેનેડામાં ગુજરાતી વિદ્યાર્થીનું દર્દનાક મોત, ગેરેજમાં મુકેલ કાર ચાલુ રહી જતાં બની ઘટના



નવસારી,તા.૨૩

નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મોટી કરોડ ગામના વિદ્યાર્થીનું કેનેડામાં એમના ઘરનાં ગેરેજમાં મુકેલી કારમાં મત્યું થયું છે. કાર ચાલુ રહી જતા કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધી જતા આ દુર્ઘટના ઘટી હતી. વિદેશમાં ફાયર સેફટીની સંપૂર્ણ માહિતી ન હોવાના કારણે દુર્ઘટના બની હોવાનું કારણ સામે આવ્યું છે. ઘટનામાં કુલ છ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં નવસારીના એક વિદ્યાર્થીનું મોત થયું છે.

માત્ર વિદેશમાં જવાનો મોહ એકબાજુ મુકીએ અને વાસ્તવિક સ્થિતિ ઉપર પણ જો નજર કરીએ તો કેનેડામાં એપ્રિલથી જૂન મહિનાની અંદર ૩ ગુજરાતી વિદ્યાર્થીના મૃત્યુ થયા. વિચિત્ર કહી શકાય એવો યોગાનુયોગ એ છે કે ત્રણેયના મૃત્યુ ડૂબી જવાથી થયા અને રહસ્યમય સંજોગોમાં જ ત્રણેયના મૃતદેહ હાથ લાગ્યા. કેનેડાની સ્થાનિક પોલીસ ભલે આ અપમૃત્યુ પાછળ કોઈ ગુનાહિત એંગલનો ઈક્રાર કરતી હોય પરંતુ જે સંજોગોમાં વિદ્યાર્થી મૃત્યુ પામ્યા તે સામાન્ય તો નહતું જ તેમા બે મત નથી. વિદેશમાં જતા ગુજરાતીઓ આખરે ફસાઈ કેમ જાય છે.. આ પાછળ ગેરકાયદે વિદેશ પ્રવેશનો ખતરનાક ટ્રેન્ડ જવાબદાર બન્યો કે પછી વિદેશમાં અસ્તિત્વનો સંઘર્ષ વધુ ઘેરો બન્યો છે.. ગુજરાતીઓ વિદેશમાં ન ફસાય અને ગેરકાયદે વિદેશ પ્રવેશનો ટ્રેન્ડ બંધ થાય તે માટે દરેક સ્તરે કયા પ્રકારના પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

## પાટણમાં ક્રિકેટ સટ્ટા રેકેટનો પર્દાફાશ, રમતા ચાર સટોડિયા ઝડપાયા

પાટણ,તા.૨૩

પાટણ શહેરમાં વાળીનાથ ચોક નજીક સૃષ્ટિ હોમ્સ સોસાયટી ના એક મકાનમાં સાઉથ આફ્રિકા અને ભારત વચ્ચેની વન-ડે ક્રિકેટની મેચમાં ઓનલાઇન ક્રિકેટનો સટ્ટાબેટિંગ નો જુગાર રમતા ચાર શખ્સોને પાટણ એસઓજી એલસીબીની સંયુક્ત ટીમે બાતમી આધારે રેડ કરી પકડી પાડ્યા હતા.આ મામલામાં કુલ ૧૭ શખ્સો સામે પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.પાટણ એસઓજી અને એલસીબી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વખતે એસઓજી પી એસ આઈ વી આર ચૌધરી ને ખાનગી બાતમી મળી હતી કે વિશાલ બાબુભાઈ પુજારા પાટણના વાળીનાથ ચોક નજીક સૃષ્ટિ હોમ્સ સોસાયટીમાં તેના મકાનમાં હાલમાં રમાતી સાઉથ આફ્રિકા અને ભારત વચ્ચેની વનડે ક્રિકેટની મેચમાં ગ્રાહકો પાસે ક્રિકેટનો સટ્ટાબેટિંગ રમાડી રહયો છે તેવી બાતમી આધારે પોલીસે રેડ કરી ચાર શખ્સોને સ્થળ પરથી દબોચી લીધા હતા .તેમની પાસેથી પોલીસે ૨૭ મોબાઇલ ૨ લેપટોપ લાઈવ મેચ જોવાનો પડદો પ્રોજેક્ટર રીમોટ ઈલેક્ટ્રીક સ્પીકર ચાર મોબાઈલ ચાર્જર ચાર વાઈફાઈ રાઉટર મળી કુલ રૂપિયા ૨, ૫૪,૬૦૦ નો મુદ્દા માલ જપ્ત કર્યો હતો આ અંગે બી ડિવિઝન પોલીસ મથકે ૧૭ શખ્શો સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. ૨૭ મોબાઇલ, બે લેપટોપ, મેચ જોવાનો પડદો અને પ્રોજેક્ટર સહિત મુદ્દામાલ જપ્ત, ચાર ઝડપાયા.પાટણમાં ઓનલાઇન ક્રિકેટ સટ્ટા બેટિંગ નો જુગાર રમતા ચાર પકડાયા હતા.

૧૭ સામે ફરિયાદ નોંધાઈ તેમાં નિખિલ ઠક્કર પાલનપુર, કિરણ હૈદરાબાદ,ભોલો ડાયમંડ થરા,કમલેશ ઉર્ફે કે.ટી જાપાન રહે પાટણ,જતીન રહે પાટણ,મયુર ઠક્કર એમ. કે.અમદાવાદ,રાજેશ ઠક્કર હારીજ હાલ રહે પાટણ,બીટુ ઠક્કર ડીસા,જીગર વાપી,વિનાયક દુબઈ,આનંદ બોમ્બે,જોન્ટી અમદાવાદ,રામ કેશોદ,ઝડપાયેલા શખ્સો વિશાલ બાબુભાઈ પુજારા રહે પાટણ,સચિન પ્રફુલચંદ્ર ઠક્કર રહે પાટણ,નીલ નિલેશભાઈ રાજપુત રહે પાટણ,જીતુ સિંહ અમરસિંહ રાજપુત રહે પાટણ,

## દહેગામના પીપળજમાંથી બોગસ ડોક્ટર ઝડપાયો, એસઓજીએ દવા, ઈન્જેકશન સહિતનો જથ્થો જપ્ત કર્યો

દહેગામના પીપળજમાં છેલ્લા દસ વર્ષથી દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરી એલોપેથીક સારવાર કરતો ડિગ્રી વિનાનો બોગસ ડોક્ટરને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે દરોડો પાડીને ઝડપી લેવાયો છે. એસઓજીની રેડ દરમ્યાન ગામમાં ક્લિનિકનાં બોર્ડ વિનાની હાટડી ખોલીને ડિગ્રી વિનાનો બોગસ ડોક્ટર છેલ્લા ઘણા વર્ષથી ગામમાં એલોપેથીકની પ્રેક્ટિસ કરતો હોવાનું બહાર આવતાં સ્થાનિક આરોગ્ય તંત્રની પણ પોલ ખુલી ગઈ છે. આ મામલે એસઓજીએ બોગસ ડોક્ટરની ધરપકડ કરી દવા, ઈન્જેક્શન સહિત ૪ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે દહેગામના પીપલજ ગામમાંથી ડિગ્રી વિના દર્દીઓની એલોપેથીક સારવાર કરતાં ૫૦ વર્ષીય જયંતીભાઇ બેચરભાઇ પ્રજાપતિને ઝડપી પાડવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા કચેરીએ હિંમતનગરનાં કીરણબેન વ્યાસે અરજી કરી હતી કે, દહેગામ તાલુકાના પીપલજ ગામમાં ગેરકાયદેસર રીતે જયંતીભાઇ પ્રજાપતિ તબીબી પ્રેક્ટિસ કરે છે.જે અનુસંધાને એસઓજીએ કડજોદરા ગામ સી.એ્ચ.સી. સેન્ટરના મેડીકલ ઓફીસર હર્ષનીલ ચૌધરીને સાથે રાખી પીપલજ ગામે રેડ કરવામાં આવી હતી. જયાં શટર વાળી દુકાન કોઇ ડોકટર કે કલીનીકનુ નામ લખ્યા વિના જયંતીભાઇ બેચરભાઇ પ્રજાપતિ બેઠો હતો. ટેબલ ઉપર જુદી જુદી કંપનીની દવાઓ પડેલ હતી. જેને ડોકટર તરીકેની કે મેડીકલ પ્રેકટીસને લગતી કોઈ ડીગ્રી હોય તો રજૂ કરવા કહેવાયું હતું.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું